સોમનાથ સ્વાભિમાન પર્વ હવે ૧૫ જાન્યુઆરી સુધી લંબાવાયું

શ્રદ્ધાળુઓની માંગ અને ભીડને ધ્યાને લઈ રાજ્ય સરકારનો નિર્ણય

ગીર સોમનાથ:

સોમનાથ ખાતે ૮ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન યોજાઈ રહેલા 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી હવે ૧૫ જાન્યુઆરી સુધી લંબાવવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં શરૂ થયેલા આ પર્વને શ્રદ્ધાળુઓની વિશાળ જનમેદની અને અતૂટ આસ્થાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે.વડાપ્રધાને પોતાના સંબોધનમાં ભગવાન ભોળાનાથ પ્રત્યે જનતાની અડગ શ્રદ્ધાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે વધુમાં વધુ શ્રદ્ધાળુઓ આ પર્વનો લાભ લઈ શકે તેવી ભાવના વ્યક્ત કરી હતી, જેને માન આપીને રાજ્ય સરકારે

પર્વની અવધિ વધારી છે.આ અંગે માહિતી આપતા પ્રવક્તા અને કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનની પ્રેરક ઉપસ્થિતિમાં સોમનાથ સ્વાભિમાન પર્વ ઐતિહાસિક સ્વરૂપ લઈ ચૂક્યું છે. આ પર્વ અંતર્ગત યોજાયેલી ભવ્ય 'શૌર્યયાત્રા'માં એક લાખથી વધુ લોકો જોડાયા હતા, જેના કારણે સમગ્ર સોમનાથ ભક્તિભાવમાં લીન બન્યું હતું.૮ થી ૧૧ જાન્યુઆરી દરમિયાન યોજાયેલા કાર્યક્રમોની શ્રેણી મુજબ, ૧૫ જાન્યુઆરી સુધી અતૂટ શ્રદ્ધાના ૧૦૦૦ વર્ષના ગૌરવગાથાની ઉજવણી ચાલુ રહેશે. આ ઉજવણીમાં દેશભરના શ્રદ્ધાળુઓ ભાગ લેશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય મંત્રીમંડળ, વહીવટી તંત્ર અને સુરક્ષા દળોના સંકલિત પ્રયત્નોથી આ પર્વ સફળતાપૂર્વક યોજાઈ રહ્યું છે.આ સમયગાળા દરમિયાન શ્રદ્ધાળુઓને ભક્તિમય વાતાવરણ સાથે પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમો, કલાકારોની પ્રસ્તુતિઓ તેમજ રોશનીના અદભૂત આયોજનનો આનંદ મળશે.પર્વ દરમિયાન વડાપ્રધાનની ઉપસ્થિતિમાં ૭૨ કલાકનો અખંડ ઓમકાર નાદ, ૩૦૦૦ ડ્રોનનો મેગા શો, ૧૦૮ અશ્વોની શૌર્યયાત્રા તેમજ વિવિધ રાજ્યોમાંથી પધારેલા કલાકારોની પ્રસ્તુતિઓ મુખ્ય આકર્ષણ બની રહી હતી.ભારતીય સંસ્કૃતિ, વારસા અને વિરાસતને પુનઃસ્થાપિત કરતા આ મહાન ધાર્મિક પ્રસંગનો લાભ દેશભરના વધુમાં વધુ લોકો લઈ શકે તે હેતુથી રાજ્ય સરકારે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી ૧૫ જાન્યુઆરી સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.

સત્ય પ્રેમ કરૂણા ટ્રસ્ટ સંચાલિત સંસ્કાર પરિસરના વિવિધ સેવા પ્રકલ્પોનું મોરારિબાપુના હસ્તે સાવરકુંડલામાં ભૂમિ પૂજન

સાવરકુંડલા:

સાવરકુંડલા સત્ય, પ્રેમ અને કરુણાના આદર્શોને અનુસરીને સમાજસેવાના ક્ષેત્રે અગ્રેસર રહેલા સત્ય પ્રેમ કરૂણા ટ્રસ્ટ દ્વારા સંચાલિત સંસ્કાર પરિસર વિશ્વાસ વિદ્યાલયના વિવિધ સેવા પ્રકલ્પોનું આજે ભવ્ય ભૂમિ પૂજન કાર્યક્રમ યોજાયો હતો.પૂજ્ય મોરારીબાપુએ પોતાના વરદ્ હસ્તે ભૂમિપૂજન કરીને આ પ્રોજેક્ટને આશીર્વાદ આપ્યા હતા. પૂજ્ય બાપુએ આ પ્રસંગે પોતાની ઊંડી પ્રસન્નતા વ્યક્ત કરી હતી અને આવા સેવાકાર્યો દ્વારા સમાજમાં સત્ય, પ્રેમ તેમજ કરુણાના મૂલ્યોનો પ્રસાર થાય તેવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.આ કાર્યક્રમમાં ભૂમિદાતા પન્નાબેન નાયક અને નટવરભાઈ ગાંધીએ વિશેષ ઉપસ્થિતિ આપી હતી. તેમજ માનવ

મંદિરના સંત ભક્તિ બાપુ, અમરેલીના જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત, લલુભાઈ શેઠ આરોગ્ય મંદિરના હરેશભાઈ મહેતા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રોજેક્ટ દ્વારા શિક્ષણ, આરોગ્ય, સંસ્કાર અને સમાજસેવાના ક્ષેત્રો નવી ઊંચાઈઓ સર કરવાનો ઉદ્દેશ્ય ધરાવવામાં આવ્યો છે, જે પૂજ્ય મોરારીબાપુના સત્ય-પ્રેમ-કરુણાના સંદેશને વધુ વ્યાપક બનાવશે.

વિંછીયાના મોટામાત્રા ગામે ઘર પાસેથી પથ્થર લેવાબાબતે પિતા-પુત્ર કુહાડી-લાકડીથી હુમલો

રાજકોટ,

વિંછીયાના મોટામાત્રા ગામે ઘર પાસેથી પથ્થર લેવા બાબતે થયેલ ઝઘડાનો ખાર રાખી પિતા-પુત્ર ઉપર ૪ શખ્સોપએ કુહાડી- લાકડીથી હુમલો કર્યો હતો. મળતી વિગતો મુજબ પ્રવિણભાઈ વેળાભાઈ જળુ ઉ.વ. ૨૫ રે. મોટામાત્રા તા. વિંછીયા એ આરોપી સત્ય.રાજ ઉર્ફે સતુ અમકુભાઈ ખાચર, બળવીરભાઈ નનકુભાઈ ખાતર, કાનાભાઈ નકાભાઈ શેખ તથા રણજીતભાઈ નનકુભાઈ ખાર રહે. ચારેય મોટામાત્રા તા. વિંછીયા સામે વિંછીયા પોલીસ મથકમાં ફરીયાદ કરી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરીયાદી તથા તેના પિતાજી પોતાનું મોટર સાયકલ લઈ વાડીએ ભેંસો દોહિને પોતાના ઘરે જતા હતા ત્યારે ભગુભાઈ ભરવાડના ફરજા પાસે પહોંચતા આરોપી સત્યરાજ ઉર્ફે સતુ અમકુભાઈ ખાચરે ફરીયાદને ડાબા હાથ પર લાકડી મારતાં ફરીયાદ તથા તથા તેના પિતાજી મોટર સાયકલ પરથી પડી જતા ફરીયાદીને ડાબા હાથ પર મુઢ ઈજા કરેલ તથા આરોપી બળવીરભાઈ નનકુભાઈ ખાચરે કુહાડીથી ફરીયાદીને ડાબા તથા જમણા પગમાં ઢીંચણથી નીચે એક એક ઘા મારેલ લોહી નીકળે તેવી ઈજા કરેલ તેમજ આરોપી કાનાભાઈ નકાભાઈ શેખે કુહાડીથી ફરીયાદીના પિતાજીને ડાબા તથા જમણા પગમાં ઢીંચણથી નીચે એક એક ઘા મારેલ લોહી નીકળે તેવી ઈજા કરેલ તેમજ આરોપી રણજીતભાઈ નનકુભાઈ ખાચરે લાકડીથી ફરીયાદીના પિતાજીને જમણા હાથમાં કોણી પાસે એક ઘા મારી કરી હતી. વિંછીયા પોલીસે ઉકત ચારેય સામે ગુન્હો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

રાજકોટમાં રૈયાગામ વિસ્તારમાં મામાની દીકરીએ લગ્નનીના પાડતા યુવકે બ્યુટી પાર્લર સળગાવી નાંખ્યું

યુવતીને મારમારી પાર્લરમાં આગ લાગાડી નુકશાન કર્યું: પોલીસમાં ફરિયાદ

રાજકોટ,

રાજકોટના નાનામવા મેઈન રોડ પરના રહેતી અને રૈયાગામ પાસે પાર્લર ચલાવતી ૨૫ વર્ષીય યુવતિને ફઈબાના દીકરાએ લગ્ન કરવાનું કહેલ હોય જેથી તેણીએ ઈકાર કરતા ઉશ્કેરાયેલા યુવકે મારકૂટ કરી યુવતીના પાર્લર પર ધસી જઈ જવલન સીલ પદાર્થ છાંટી આગ લગાડી દઈ રૂ.૨૦ હજારનું નુકશાન કર્યુ હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે રાજનગર ચોક પાસેના મેઘમાયાનગર શેરી નં ૨/૩ના ખૂણે રહેતી અને રૈયા ગામમાં આવેલ સવન સફેંકસ કોમ્પલેક્ષમાં બોસ નામે લેડી બ્યુટી પાર્લર ચલાવતા પાયલબેન દિનેશભાઈ ભોજાણી (ઉ.વ.૨૫) એ આરોપી તરીકે જીલ્લા ગાર્ડન ચોક સોરઠીયા પ્લોટમાં રહેતા સુનીલ ગોરધન સાગઠીયા સામે નોંધાવેલ ફરિયાદ નોંધાવી હતી.

જેમાં ગઈ.તા.૧૦ ના તે પાર્લરે હતી.ત્યારે સુનીલે આવી કહ્યું કે, તુ મારી સાથે લગ્ન કર જેથી તેણીએ લગ્ન કરવાનો ઈકાર કરતા તે ઉશ્કેરાઈ ગાળો ભાંડતો હોય જેથી તેને ગાળો આપવાની ના કહેતા ઢીકાપાટુ મારી કહ્યું કે, તુ મારી સાથે લગ્ન નહી કરે તો તને જાનથી મારી નાખીશ કહી ધમકી આપી હતી બાદ તેણીએ પોતાના ઘરે જઈ પરિવારને બનાવ અંગેની વાત કરી હતી.

બાદ રાત્રીના ૩ વાગ્યે પાર્લરમાં કામ કરતી જેનીશા ચૌહાણનો ફોન આવેલ અને પાર્લરમાં આગ લાગી હોવાની વાત કરતા તેણી તથા ભાઈ-ભાભી જઈ તપાસ કરતા પાર્લર સળગતું હતું. જેથી આસપાસ તપાસ કરતા સુનીલને લગ્ન કરવાનો ઈકાર કરતા તેણે કોઈ જવલન સીલ પદાર્થ છાંટી આગ લગાડી દઈ રૂ.૨૦ હજારનું નુકશાન કર્યું હોવાનું સામે આવતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગે યુની. પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તપાસ હાથ ધરી છે.

રાજુલાના કથીવદર નજીક કાર પલટી, એકનું મોત:પાંચ ગંભીર ઇજાગ્રસ્ત

રાજુલા:

ભાવનગર-સોમનાથ હાઈવે પર વહેલી સવારે રાજુલા તાલુકાના કથીવદર ગામ નજીક એક કાર પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે પાંચ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.મૃતકનું નામ ૪૨ વર્ષીય સ્વીટી સંદીપ હોવાનું જાણવા મળ્યું છે. તેમનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે રાજુલા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ઈજાગ્રસ્તોમાં ૭૦ વર્ષીય શીલાદેવી, ૧૨ વર્ષીય રોહિત મનીષભાઈ ખત્રી અને ૨૮ વર્ષીય મુકેશ સુખારામ યાદવનો સમાવેશ થાય છે. આ પરિવાર હરિયાણાના બહાદુરગઢ ગામનો રહેવાસી હતો અને વડોદરાથી ઊના તરફ જઈ રહ્યો હતો.અકસ્માતની જાણ થતાં જ ૧૧૨ અને ૧૦૮ ઈમરજન્સી સેવાઓની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર માટે રાજુલાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સ્થાનિક લોકો પણ મદદ માટે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.ઉલ્લેખનીય છે કે, ભાવનગર-સોમનાથ હાઈવે પર છેલ્લા ૨૪ કલાકમાં આ ત્રીજો અકસ્માત છે. વિક્ટરથી ટીબી સુધીના રોડ વિસ્તારમાં ડાયવર્ઝન દ્વારા બનાવેલા અવરોધોને કારણે વારંવાર અકસ્માતો થતા હોવાની ચર્ચાઓ સ્થાનિકોમાં ચાલી રહી છે.

રાજકોટના માંડા ડુંગરમાં ઊલટી થયા બાદ ઢળી પડેલા પ્રૌઢનું બેભાન હાલતમાં મોત

રાજકોટ,

રાજકોટ શહેરમાં માંડા ડુંગર વિસ્તારમાં આવેલા ભીમરાવનગરમાં રહેતા પ્રૌઢને ઉલ્ટી થયા બાદ બેભાન હાલતમાં ઢળી પડ્યા હતા. પ્રૌઢનું મોત નીપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ માંડા ડુંગર વિસ્તારમાં આવેલા ભીમરાવનગરમાં રહેતા ગબ્બરભાઈ હરીલાલ સકસેતા નામના ૪૬ વર્ષના પ્રૌઢને વહેલી સવારે પોતાના ઘરે ઉલ્ટી થયા બાદ બેભાન હાલતમાં ઢળી પડ્યા હતા. પ્રૌઢને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયા તેમનુ મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઇ જવા પામી છે. આ ઉપરાંત અન્ય બનાવમાં રૂખડિયાપરામાં રહેતી શેરબાનુ સીરાજભાઈ શાહમદાર નામની ૧૨ વર્ષની તરૂણી અને હસનવાડી મેઈન રોડ પર ગુલાબનગરમાં રહેતા જીજ્ઞેશભાઈ રમેશભાઈ દાનાણી (ઉ.વ.૪૫) બિમારી સબબ મોત નીપજયુ હતું. બાળકી અને યુવકના મોતથી બંને પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. ઉપરોકત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

લાઠીના પ્રતાપગઢના યુવાને પપૈયાની ખેતીમાં ૧ વીઘે ૧ લાખની કમાણી કરી

લાઠી:

લાઠીના પ્રતાપગઢના એક પ્રગતિશીલ ખેડૂતે પરંપરાગત ખેતી છોડીને બાગાયતી ખેતી અપનાવી છે અને પપૈયાના વાવેતરથી એક જ સિઝનમાં નોંધપાત્ર આવક મેળવી છે.બદલાતા ખેતીના સમયમાં આધુનિક પદ્ધતિઓ અને યોગ્ય પાક પસંદગીથી ખેતી પણ નફાકારક બની શકે છે. તેનું ઉત્તમ ઉદાહરણ પ્રતાપગઢના ખેડૂત જયંતીભાઈ સખવાળાએ પુરૂ પાડ્યું છે.

૪૫ વર્ષિય જયંતીભાઈ સખવાળાએ ધોરણ ૧૨ સુધી અભ્યાસ કર્યો છે. તે છેલ્લા કેટલાક વર્ષોથી ખેતીમાં નવીન પ્રયોગો કરી રહ્યા છે. જયંતીભાઈએ પ્રતાપગઢ ગામમાં ૧૧ વીઘા જમીનમાં પપૈયાનું વાવેતર કર્યું છે.બાગાયતી પાક તરીકે પપૈયા તરફ વળવાનો નિર્ણય તેમણે

યોગ્ય માર્ગદર્શન, બજારની માંગ અને ઓછા સમયમાં વધુ આવકની સંભાવનાને ધ્યાનમાં રાખીને લીધો હતો. જયંતીભાઈએ રેડ લેડી પપૈયાની જાતનું વાવેતર કર્યું છે, જે વધુ ઉત્પાદન અને ગુણવત્તા માટે જાણીતી છે.એક વીઘામાં ૩૫૦ રોપાનું વાવેતર કર્યું છે. એક રોપામાંથી સરેરાશ ૬૦ થી ૧૫૦ કિલોગ્રામ સુધીનું ઉત્પાદન મળી શકે છે. આ રીતે એક વીઘામાં ૧૦ ટનથી વધુ પપૈયાનું ઉત્પાદન જયંતીભાઈએ મેળવ્યું હતું.હાલ બજારમાં પપૈયાનો ભાવ પ્રતિ કિલોનો રૂપિયા ૧૫ થી ૨૦ સુધી મળી રહ્યો છે. જયંતીભાઈ સખવાળાએ એક વીઘે સિઝનમાં એક લાખની કમાણી કરી છે. એક વીઘામાં પપૈયાના વાવેતર માટેનો ખર્ચ ૩૦ હજારનો થઈ રહ્યો છે. અહી તેમને ખર્ચની સરખામણીએ નફો સારો મળે છે.યોગ્ય આયોજનથી ખેતી આજે લાભદાયી વ્યવસાય બની શકે છેજયંતીભાઈ સખવાળાએ જણાવ્યું હતું કે યોગ્ય આયોજન, મહેનત અને આધુનિક ખેતી પદ્ધતિ અપનાવવામાં આવે તો ખેતી આજે પણ લાભદાયી વ્યવસાય બની શકે છે.અમરેલી જિલ્લાના ગ્રામીણ વિસ્તારો ઉપરાંત અમદાવાદ, સુરત અને વડોદરા જેવા મહાનગરોમાં પણ પપૈયાનું વેચાણ થાય છે. શહેરોમાં પપૈયાની સતત માંગ રહેતી હોવાથી ખેડૂતોને બજારની ચિંતા ઓછી રહે છે.

લોકોને ખરાબ માર્ગમાંથી મુક્તિ મળશે

મોટા દેવળીયા - રાણપરડા? રોડને રીસર્ફેસિંગ કરાશે

અમરેલી:

બાબરા તાલુકાના મોટા દેવળીયાથી રાણપરડા ગામ સુધીના માર્ગને રી સરફેસિંગ કરવા સરકાર દ્વારા રૂપિયા ૫૦ લાખની રકમ મંજૂર કરાઇ છે.લાઠી-બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા બાબરા તાલુકાના મોટા દેવળીયા અને રાણપરડા ગામને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી.જેને પગલે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫૦ લાખનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.મોટા દેવળીયા અને રાણપરડા ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી.આ સમસ્યા ધારાસભ્ય જનક તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.

ગીર કાંઠે ગૌલોક સેવા ધામ ટ્રસ્ટની ગૌશાળામાં ૩૫૦ ગૌવંશનો નિભાવ

ધારી:

ધારીથી ૧૭ કી.મી. દુર ગીરના કાઠે પુરૂષોતમ લાલજી ગૌલોક સેવાધામ ટ્રસ્ટની ગૌશાળા આવેલ છે. જેનુ બાબુભાઈ ઢોલા દ્વારા સંચાલન થઈ રહેલ છે.તે છેલ્લા ૩૨ વરસથી ગૌસેવાની કામગીરી કરી રહેલ છે. જેમાં હાલ ૩૫૦ ગૌવંશ જીવોને સેવા થઈ રહેલ છે.

આ ગૌશાળા અપંગ અને અશકત ગૌવંશની વિશેષ દેખભાળ કરવામાં આવે છે.આજુબાજુના ગામો તથા ધારી શહેરે આ સંસ્થાની સેવાકીય પ્રવુતિમાં ઉદાર હાથે સહાય કરીને હંમેશા સંસ્થાની આ સેવાકીય પ્રવુતિને અવિરત રાખવામાં ખુબ જ જ મદદરૂપ થઈને આ સેવા યજ્ઞને અવિરત ચાલુ રાખવામાં અવિરત સહકાર આપેલ છે.દર વરસથી જેમ આ વરસે પણ સંસ્થા દ્વારા મકરસંક્રાતિ નીમીતે દાન સ્વીકારવા માટે યોગીજી ચોક ખાતે રાવટી ઉભી કરેલ છે. ગૌશાળા દ્વારા આ પવિત્ર દિવસે દરેક ધમપ્રેમી જનતાને તેમની શકિત મુજબ દાન કરવા માટે અપીલ કરવામાં આવી હતી.સંસ્થાને પોતાની આવકના કોઈ કામથી સ્ત્રોત નથી. સમાજ દ્વારા જે સાથ-સહકાર મળી રહેલ છે તેના થકી જ આ વિશાળ સેવાયજ્ઞ ચાલી રહેલ છે ત્યારે વરસે પણ લોકો તરફથી આ સેવા યજ્ઞમાં આપના દાનરૂપી આહુતી આપીને આ સેવા યજ્ઞને ચાલુ રાખવા આપનો સહકાર અપીલ કરાઈ છે. લાલજી ગૌલોક સેવાધામ ટ્રસ્ટ ૩૫૦ ગાયોની સેવા.

વડાપ્રધાનની રાજકોટ ખાતેથી મહત્વની જાહેરાત

સાવરકુંડલા તાલુકામાં ૪૧ હેક્ટર જમીનમાં આખરે મળી " સ્માર્ટ જીઆઈડીસી' બનાવાશે

સાવરકુંડલા:

વર્ષોથી સાવરકુંડલાના ઉદ્યોગકારો અને વેપારીઓ સાવરકુંડલામાં એક જી.આઈ.ડી.સી.ની માંગ કરી રહ્યા હતાં. ત્યારે તારીખ ૧૧ જાન્યુઆરીએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના હસ્તે રાજકોટમાં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત સૌરાષ્ટ્ર રિજનલ કોન્ફરન્સમાં સાવરકુંડલામાં જી.આઈ.ડી.સી. બાબતે જાહેરાત થઈ હતી.

સાવરકુંડલાને નવી સ્માર્ટ જી.આઈ.ડી.સી. મળી છે. સાવરકુંડલા શહેરથી પાંચ કિલોમીટર દુર આવેલ બોઘરિયાણી, ધજડી ખાતે ૪૧ હેક્ટર જમીનમાં આ નવી ઔદ્યોગિક વસાહત સ્માર્ટ જી.આઈ.ડી.સી. આકાર લેશે આ સાથે સૌરાષ્ટ્ર, કચ્છના સાત જિલ્લાઓમાં કુલ ૧૩ નવી સ્માર્ટ જી.આઈ.ડી.સી.ની જાહેરાત કરવામાં આવી હતીજેમાં અમરેલી જીલ્લાના સાવરકુંડલાનો પણ સામેલ થયેલ આ જી.આઈ.ડી.સી.ના વિકાસથી સાવરકુંડલા ઔદ્યોગિક નગર તરીકે ઉભરશે અને સ્થાનિક યુવાનોને રોજગારીની નવી તકો મળશે.મોડી સાંજે સાવરકુંડલામાં વેપારી એસો. અને ઉદ્યોગકારોએ જાહેર ચોકમાં ફટાકડા ફોડી સરકારના આ નિર્ણયને વધાવ્યો હતો.

અમરેલીમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતા છાત્રએ ચાર મોબાઇલ એપ તૈયાર કરી

અમરેલી:

અમરેલી જિલ્લાના ગૌરવ સમાન કશીપ સુરાણી, જે હાલમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરી રહ્યા છે, તેણે ટેક્નોલોજીના ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. કશીપ સુરાણીએ અત્યાર સુધીમાં કુલ ૪ ઉપયોગી મોબાઈલ એપ્લિકેશન્સ તૈયાર કરીને અમરેલી જિલ્લાનું નામ રાજયસ્તરે ઉજાગર કર્યું છે.તેમની આ નોંધપાત્ર સિદ્ધિને ધ્યાનમાં રાખીને અમરેલીના ધારાસભ્ય તથા રાજય સરકારના કેબિનેટ મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ કશીપ સુરાણીનું સન્માન કર્યું હતું. આ સન્માન દ્વારા યુવા પ્રતિભાને પ્રોત્સાહન આપવાનો સુંદર કામ કરાયું હતું.આ ઉપરાંત કશીપ સુરાણી દ્વારા સ્કિલ ઈન્ડિયા પ્રત્યે જાગૃતિ ફેલાય તેવા મહત્વપૂર્ણ પ્રશ્નો પણ તૈયાર કરવામાં આવ્યા છે, જે યુવાનોમાં કુશળતા વિકાસ માટે માર્ગદર્શક સાબિત થશે. કશીપ સુરાણીના આ પ્રયત્નો ભાવિ પેઢી માટે પ્રેરણાસ્ત્રોત બની

રહે તેમ છે.તેમણે શિક્ષકો માટે ઓનલાઈન કામગીરીની જુદી જુદી વેબસાઈટ એક ક્લિક પર ઉપલબ્ધ કરાવી છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે એપમાં ક્વિઝ ટાઈપ પ્રશ્નો મળી રહે છે. વિદ્યાર્થી, શિક્ષક અને વાલીઓ એપ્લિકેશનના માધ્યમથી સંપર્કમાં રહી શકે છે.અન્ય એક એપ શેર માર્કેટને લગતી બનાવાય છે. જ્યારે એક એપમાં ઘરના તમામ ખર્ચની વિગતો સ્ટોર થાય છે અને કયા કયા પ્રકારનો ખર્ચ કોની પાછળ થાય છે તેની ગણતરી થઈ શકે છે.

તેમની હોસ્પિટલ ફેસિલિટી નામની એપ્લિકેશન હાલ અંદર ડેવલપમેન્ટ છે. એપ્લિકેશન મલ્ટિપ્લેટ ફોર્મ આધારિત છે એટલે કે મોબાઈલ ડેસ્કટોપ અને વેબ એમ ત્રણ જગ્યાએથી ઓપરેટ કરી શકશે.